પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૦૫ | ૨૫ જુન, ૨૦૧૯, મંગળવાર; જયેષ્ઠ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આરબીઆઈના નાયબ ગવર્નર વિરલ આચાર્યનું રાજીનામું

**૭ મહિનામાં આરબીઆઇને બીજો આંચકો : ડિસેમ્બરમાં ઉર્જિત પટેલે રાજીનામું આપ્યુ હતુ : વિરલ આચાર્યએ છ મહિનાના કાર્યકાળ પહેલા રાજીનામું આપતા અનેક તર્ક-વિતર્ક : રાજીનામા માટે અંગત કારણ જણાવ્યુ : છેલ્લી બે નાણાકીય નીતિ દરમિયાન એમપીસીના બાકીના સભ્યો સાથે તેઓ અસહમત પણ હતા**

મુંબઈ,તા.૨૪

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને એક મોટો ઝાટકો લાગ્યો છે. આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર વિરલ આચાર્ય એ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. આ સાત મહિનાની અંદર બીજી વખત છે જ્યારે આરબીઆઈના કોઈ ઉચ્ચ અધિકારીએ કાર્યકાળ પૂરો થયા પહેલાં જ પોતાના પદને છોડી દીધું છે. આની પહેલાં આરબીઆઈ ગવર્નર ઉર્જીત પટેલે ડિસેમ્બરમાં ખાનગી કારણ દર્શાવી પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું.

અગત્યની વાત એ છે કે ડેપ્યુટી ગવર્નર વિરાલ આચાર્ય એ કાર્યકાળ પૂરો થવાના લગભગ છ મહિના બાકી હતા ત્યાં જ પદ છોડી દીધું છે. વિરલ આચાર્ય આરબીઆઈના એ મોટા અધિકારીઓમાં સામેલ હતા જેમણે ઉર્જીત પટેલની ટીમનો હિસ્સો મનાતા હતા.

આપને જણાવી દઈએ કે આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર તરીકે ૨૩મી જાન્યુઆરી ૨૦૧૭ના રોજ જોડાયા હતા. તે પ્રમાણે અંદાજે ૩૦ મહિના કેન્દ્રીય બેંક માટે પોતાના પદ પર કાર્યરત રહ્યા.



આની પહેલાં ડિસેમ્બર ૨૦૧૮મા ઉર્જીત પટેલે આરબીઆઈના ગવર્નર તરીકે કાર્યકાળ પૂરો થતાં પહેલાં જ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. ઉર્જીત પટેલે પોતાના નિવેદનમાં કહ્યું હતું કે તેઓ ખાનગી કારણોસર રાજીનામું આપી રહ્યા છે. ઉર્જીત પટેલના રાજીનામાં બાદ શક્તિકાંત દાસને આરબીઆઈના નવા ગવર્નર તરીકે નિમણૂક કરાયા હતા.

છેલ્લા થોડા મહિનાથી ડેપ્યુટી ગવર્નર વિરલ આચાર્યના વિચારો ઈર્મેના નવા ગવર્નર શક્તિકાંત દાસના નિર્ણયો કરતાં અલગ હતા. મીડિયા રિપોર્ટ મુજબ છેલ્લી બે મોનીટરિંગ પોલિસીની બેઠકમાં મહેંગાઈ દર અને ગ્રોથ રેટના મુદ્દામાં વિરલ આચાર્યના વિચારો અલગ હતા.

મીડિયા રિપોટ્ર્સમાં જણાવ્યા પ્રમાણે આચાર્યએ રાજીનામા માટે અંગત કારણ જણાવ્યું છે. તેઓ ન્યૂયોર્ક યુનિવર્સિટીમાં ટીચિંગ સાથે જોડાયેલા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ઉર્જિત પટેલના રાજીનામા પછીથી તેઓ અસહજ અનુભવી રહ્યા હતા.

અત્યારે રિઝર્વ બેંકના સિનિયર ડેપ્યુટી ગવર્નર એન. વિશ્વનાથનની ટર્મ પૂરી થવા આવી છે. પરંતુ વિરલ આચાર્યએ એકાએક રાજીનામુ આપતા વિશ્વનાથનની ટર્મ લંબાવાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

# BSNL સામે રોકડની ગંભીર કટોકટી

**પગારના પૈસા નથી : ઓપરેશન ચલાવવા માટેની બાબત અશક્ય બની હોવાની કબુલાત : કર્મચારીઓને પગારરૂપે કુલ ૮૫૦ કરોડ ચુકાવવાની બાબત મુશ્કેલ બનતા કારોબાર ડામાડોળ : લાયાબિલિટી આંક પણ ૧૩ હજાર કરોડ સુધી પહોંચ્યો**

નવી દિલ્હી, તા. ૨૪

રોકડ કટોકટીનો સામનો કરી રહેલી સરકારી ટેલિકોમ કંપની બીએસએનએલ દ્વારા સરકારને એસઓએસ મોકલીને કહ્યું છે કે, કંપની ઓપરેશન જારી રાખવામાં ખુબ મુશ્કેલી અનુભવી રહી છે. કંપનીએ કહ્યું છે કે, રોકડ કટોકટી હોવાથી જુન મહિના માટે ૮૫૦ કરોડ રૂપિયાનો પગાર ચુકવવાની બાબત તેના માટે મુશ્કેલરૂપ બની ગઈ છે. કંપની પર હાલમાં ૧૩૦૦૦ કરોડ રૂપિયાની આઉટસ્ટેંડિંગ લાયાબિલિટી છે. જેના પરિણામ સ્વરૂપે બીએસએનએસનો કારોબાર મુશ્કેલ આવી ગયો છે. બીએસએનએલની આ



જાહેરાતથી કોર્પોરેટ જગતમાં પણ ખળભળાટ મચી ગયો છે. બીએસએનએલના કોર્પોરેટ બજેટ એન્ડ બેકિંગ ડિવિઝનના વરિષ્ઠ જનરલ મેનેજર પૂરણ ચંદ્રએ ટેલિકોમ મંત્રાલયમાં જોઈન્ટ સેક્રેટરીને પત્ર લખીને પત્રમાં કહ્યું છે કે, દર મહિને રેવેન્યુ અને ખર્ચના અંતરમાં અભૂતપૂર્વ વધારો થયો છે. રેવેન્યુ અને ખર્ચમાં અંતર વધી જતા કંપનીનુ સંચાલન જારી રાખવાની બાબત તેના માટે મુશ્કેલરૂપ બની ગઈ છે. કારણ કે આ બાબત હવ એવી સપાટી પર પહોંચી ચુકી છે જ્યાં કોઈપણ પૂરતા પ્રમાણમાં ઈક્વિટિને સામેલ કર્યા વગર બીએસએનએલના ઓપરેશનને જારી રાખવાની બાબત મુશ્કેલરૂપ બની ગઈ છે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે થોડાક મહિને પહેલા બીએસએનએલની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી. આ ગાળા દરમિયાન કંપનીના ચેરમેને વડાપ્રધાનને તમામ માહિતી આપી હતી. સાથે સાથે વિગતવાર રજુઆત પણ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# આગામી દિવસોમાં ૧૨ રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂંક કરાશે

**ગુજરાતના ગવર્નર ઓ.પી. કોહલીની મુદ્દત ૧૬ જુલાઇએ પૂરી થશે**

ન્યુ દિલ્હી,તા.૨૪

આવતા દિવસોમાં ૧૨ જેટલા રાજ્યોમાં નવા રાજ્યપાલોની નિમણૂક કેન્દ્ર સરકારે કરવાની છે. પ.બંગાળ, યુપી, ત્રિપુરા, નાગાલેન્ડ અને ગુજરાતના રાજ્યપાલની ૫ વર્ષની મુદત આવતા મહિને પુરી થઈ રહી છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે કલમ ૧૫૫ અને કલમ ૧૫૬ મુજબ રાષ્ટ્રપતિએ ગવર્નરની નિમણૂક કરવાની હોય છે. નવા રાજ્યપાલોમાં ભાજપના કેટલાક સિનીયર નેતાઓના નામ ચર્ચામાં છે. ગુજરાતના ગવર્નર ઓ.પી. કોહલીની ૫ વર્ષની ટર્મ ૧૬ જુલાઈએ પુરી થઈ રહી છે તે પછી નાગાલેન્ડના ગવર્નર પી.બી. આચાર્યની મુદત ૧૮ જુલાઈએ પુરી થઈ રહી છે.

યુપીના ગવર્નર રામ નાઈક ૨૧ જુલાઈ, પ. બંગાળના ગવર્નર કે.એન. ત્રિપાઠી ૨૩ જુલાઈ અને ત્રિપુરાના ગવર્નર કપ્તાનસિંહ સોલંકી ૨૬ જુલાઈએ ટર્મ પુરી કરી રહ્યા છે.

મહારાષ્ટ્રના ગવર્નર વિદ્યાસાગર રાવ ૨૯ ઓગષ્ટે, ગોવાના ગવર્નર મૃદુલા સિંહા ૩૦ ઓગષ્ટે અને કર્ણાટકના ગવર્નર વજુભાઈ વાળા ૩૧ ઓગષ્ટે ટર્મ પુરી કરી રહ્યા છે. છત્તીસગઢમાં પણ સરકાર નવા ગવર્નર નિમશે કારણ કે મ.પ્રદેશના ગવર્નર આનંદીબેન પટેલ પાસે ત્યાંનો પણ ચાર્જ છે. કેરળના ગવર્નર પી. સથાશિવમ સપ્ટેમ્બરમાં રાજસ્થાનના ગવર્નર કલ્યાણ સિંહ સાથે ટર્મ પુરી કરી રહ્યા છે. મિઝોરમમાં પણ સરકારે નવા ગવર્નર નિમવાના છે.

## ન્યુઝ ટ્રેક

### રાવલપિંડીની હોસ્પિટલમાં બોમ્બ બ્લાસ્ટ

પાકિસ્તાનના રાવલપિંડી શહેરની હોસ્પિટલમાં જોરદાર બોમ્બ બ્લાસ્ટ થયો હતો. દાવો કરવામાં આવી રહ્યો છે કે આ બ્લાસ્ટમાં જૈશ એ મોહમ્મદના વડા મૌલાના મસૂદ અઝહર સહિત ૧૦ લોકો ઘાયલ થયા છે. જોકે આ સમાચારની પુષ્ટિ થઈ નથી અહી તેની સારવાર ચાલી રહી હતી.

### યુપીની તમામ કોંગ્રેસ જિલ્લા સમિતિઓ ભંગ

ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીની બેઠકમાં મોટા નિર્ણય લેવામાં આવ્યા. બેઠકમાં ઉત્તરપ્રદેશમાં પાર્ટીની તમામ જિલ્લા સમિતિઓને ભંગ કરવાનો નિર્ણય લેવાયો છે.

## ઇન્ડોનેશિયામાં ૭.૫ની તીવ્રતાના ભૂંકપના આંચકા

જાકાર્તા,તા.૨૪

ઈન્ડોનેશિયામાં આજરોજ ૭.૫ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો છે. આ ભૂકંપ બાંધા સાગરમાં આવ્યો છે. જો કે હજુ સુનામીને લઈને કોઈ ચેતવણી આપવામાં આવી નથી.

# ભારત-અમેરિકા વચ્ચે ત્રણ વર્ષમાં છ ખરબના સંરક્ષણ કરાર થશે

**જળ-જમીન-વાયુમાં વધશે ભારતની શક્તિ, અમેરિકા પાસેથી ખરીદશે હથિયારો : ભારત અમેરિકાથી લોંગ રેન્જ મેરિટાઇમ પેટ્રોલ એરક્રાફ્ટ પી-૮ આઇ ખરીદશે**

ન્યુ દિલ્હી,તા.૨૪

ભારત અમેરિકાની સાથે આગામી બે-ત્રણ વર્ષોમાં ૧૦ બિલિયન ડૉલર એટલે કે છ ખરબના સંરક્ષણ સોદા કરવાનુ છે. આ સોદો એવા સમય પર કરવામાં આવશે જ્યારે બંને દેશો વચ્ચે વેપાર અને ઈમિગ્રેશનને લઈને ચિંતા ચાલુ છે. અમેરિકાની સાથે આ સંરક્ષણ સોદો વિદેશી લશ્કરી વેચાણ કાર્યક્રમ હેઠળ કરવામાં આવશે. તેના અંતર્ગત ભારત અમેરિકાથી લોંગ રેન્જ મેરિટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ પી -૮ આઈ ખરીદશે. આ પહેલા પણ ભારત અમેરિકા પાસેથી આ એરક્રાફ્ટ ખરીદી ચુક્યુ છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, ‘સંરક્ષણ મંત્રાલય એક સમિતિ છેલ્લા અઠવાડિયે જ પી-૮ આઈ એરક્રાફટને ખરીદવાની મંજુરી આપી ચૂકી છે. હવે તેને મંજુરી માટે સંરક્ષણ અધિગ્રહણ પરિષદ (ડીએસી)ની પાસે ઓગસ્ટમાં મોકલવામાં આવશે. ‘આ પરિષદની અધ્યક્ષતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ કરશે. ભારત દ્વારા અગાઉથી ખરીદેલા ૧૨ પી-૮ આઈ વિમાનની સરખામણીમાં આ વિમાન વધુ એડવાન્સ હશે. ભારતીય નૌસેનાએ બોઈંગ દ્વારા બનાવવામાં આવેલા આ વિમાનોને વર્ષ ૨૦૧૩મા શામેલ કર્યા હતા. સેન્સર, હાર્પુન બ્લોક -૨ મિસાઈલ, એમકે -૫૪ લાઈટ

● અનુસંધાન પાન-૭ પર

# સપા-બસપા ગઠબંધન વિધિવત તૂટ્યું

**આખરે ગઠબંધન તોડવા માયા દ્વારા જાહેરાત : નાની મોટી ચૂંટણી એકલા હાથે લડવાની જાહેરાત**

લખનૌ,તા. ૨૪

આખરે સમાજવાદી પાર્ટી સાથે છેડો ફાડી દેવાની જાહેરાત બસપના નેતા માયાવતીએ આજે કરી દીધી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. લોકસભાની ચૂંટણીમાં કારમી હાર બાદ એમ માનવામાં આવી રહ્યુ હતુ કે બંને પાર્ટી અલગ થઈ જશે. આ અચકળો આજે યોગ્ય સાબિત થઈ હતી. હવે સમાજવાદી પાર્ટી અને માયાવતીની બહુજન સમાજવાદી પાર્ટી વચ્ચે ગઠછબંધનનો અંત

● અનુસંધાન પાન-૭ પર

## મુંબઈમાં બુધવારે વિધિવત્ ચોમાસાનું આગમન

ન્યુ દિલ્હી,તા.૨૪

છેલ્લાં ૧૨ વર્ષમાં આ વર્ષે ચોમાસા માટે લોકોને વધુ રાહ જોવી પડી. જો કે છેલ્લાં ચાર દિવસમાં મોનસુને રફતાર પકડી અને ૧૦ રાજ્યો સુધી પહોંચી ગયું છે. ૧૯મી જૂનના રોજ ચોમાસાએ તેજી પકડી અને હવે આ ઉત્તર ભારતની તરફ આગળ વધી રહ્યું છે. આ સપ્તાહે બીજા કેટલાંય વિસ્તારમાં પણ વરસાદની સાથે રાહતની આશા વ્યક્ત કરાઈ રહી છે. આગામી ૨૪ કલાકમાં મોનસુન લખનઉ પહોંચવાની આશા છે, તો મુંબઈમાં બુધવાર સુધીમાં મોનસૂન દસ્તક દઈ શકે છે.




ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો
દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

કૈલાસ માનસરોવર
ચારધામ યાત્રા
ગંગોત્રી - યમનોત્રી - બદ્રિનાથ - કેદારનાથ
R K VACATIONS PVT. LTD.
079- 40 40 35 35 | 61 61 35 35

## શ્રદ્ધાંજલિ



**સ્વ. જ્યોતિન્દ્રભાઈ વ્યાસ**

જન્મ તા. ૩.૧૨.૧૯૫૧ | નિધન તા. ૧૮.૬.૨૦૧૯

વેપાર, વ્યવહાર અને સંબંધમાં સદાય અગ્રેસર એવા
**શ્રી જ્યોતિન્દ્રભાઈ**
મૈત્રીની મશાલ અને મિત્ર બેમિસાલ હતા.
એમની અણધારી વિદાયથી વસમું બીજુ કંઈ નહી...

ગાંધીનગરે શ્રદ્ધાનો શ્વાસ
અને પૂજાનો પ્રાણ ગુમાવ્યો છે.

આપનો સ્નેહાળ સ્વભાવ, આત્મીય વ્યક્તિત્વ
અને નિતાંત પ્રેમ હંમેશા યાદ રહેશે...

**જ્યોતિષ મધુસુદન ભટ્ટ**
**અને પરિવાર**

PARAM